Motion Magic (Current Affairs)

અંક-4 (જૂન-2018)

- ⇨ મહિલા એશિયા કપ
- ⇨ વિશ્વ બાળમજુરી વિરોધ દિવસ
- ⇨ શાંઘાઈ કો-ઓપરેશન (SCO)
- ⇨ PRL દ્વારા નવા ગ્રહની શોધ
- ⇨ ધનુષનુ સફળ પરિક્ષણ
- ⇨ ગુજરાત સરકારની 9મી ચિંતન શિબિર
- ⇨ ફ્રેન્ચ ઓપન – 2018
- ⇨ અર્બન WIFI પ્રોજેક્ટ
- ⇨ BCCI એવોર્ડ 2016-17, 2017-18
- ⇨ વિશ્વ રક્તદાન દિવસ
- ⇨ WATER MANAGEMENT INDEX - 2018
- ⇨ જનરલ મોટર્સના પ્રથમ મહિલા CFO



- ❖ **MOTION SPECIAL** – ભારતનુ પરિવહન

MOTION CAREER ACADEMY

MOTION MAGIC અંક દ્વારા સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને લેખન કાર્ય કરવા માટે એક સોનેરી તક આપવામાં આવે છે.

કોઈ પણ વિદ્યાર્થી સ્પર્ધાત્મક પરિક્ષાના કોઈ પણ વિષય પર પોતાનો ટોપિક સ્વહસ્તાક્ષર માં લખીને અમને મોકલી શકે છે. અમે આવતા અંકમા પ્રકાશિત કરશુ.

આપનુ લખાણ નીચે આપેલા WHATSAPP નંબર ઉપર મોકલવુ.

Whatsapp No. 8238352157

વિદ્યાર્થીની કલમે.....

WORK HARD IN SILENCE,
LET SUCCESS MAKE THE NOISE

DIVYESH RATHOD
(STUDENT – MOTION CAREER ACADEMY)

ભારતના વાહનવ્યવહાર/પરિવહન વિશેની અગત્યની માહિતી

ભારતમાં મુખ્યત્વે 3 પ્રકારનુ પરિવહન જોવા મળે છે.

1. સડક માર્ગ
2. રેલવે માર્ગ
3. હવાઈ માર્ગ

ભારતના પરિવહનનુ વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય છે.

સડક માર્ગ - 83%

રેલવે માર્ગ - 09%

હવાઈ માર્ગ - 06%

સડક માર્ગ

- ભારત સડક નેટવર્કનો વિશ્વના સૌથી મોટા સડક નેટવર્કમાં સમાવેશ થાય છે.
- અત્યારે ભારતમાં રાષ્ટ્રીય મહામાર્ગોની સંખ્યા 223 છે.
- આ સડકોની કુલ લંબાઈ 70,934 કિમી છે.
  - **ભારતનો સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH – 7 છે.** જે વારાણસીથી કન્યાકુમારી સુધી જાય છે. ઉત્તરપ્રદેશમાં 128 કિમી, મધ્યપ્રદેશમાં 504 કિમી,મહારાષ્ટ્રમાં 232 કિમી, આંધ્રપ્રદેશમાં 753 કિમી. કર્ણાટકમાં 125 કિમી, તમિલનાડુમાં 627 કિમી છે.
  - આમ ભારતના સૌથી લાંબા નેશનલ હાઈવે ની લંબાઈ 2369 કિમી છે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગ 1 અને 2 ના જોડાણને "ગ્રાન્ડ ટ્રંક રોડ" કહેવામાં આવે છે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગને બનાવવાની અને સાચવવાની જવાબદારી કેન્દ્ર સરકારની છે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર "1A માં "જવાહર સુરંગ" આવેલી છે. આ રાષ્ટ્રીય ધોરીમાર્ગ જાલંધરથી જમ્મુ શ્રીનગર થઈને ઉરી સુધી જાય છે.

📖 જમ્મુ અને શ્રીનગરને જોડતા બનિહાલ દ્વારમાં "જવાહર સુરંગ" આવેલી છે

- ભારતનો સૌથી નાનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ 47A છે. જેની લંબાઈ માત્ર 6 કિમી છે. જે કેરળના "વેમ્બનાર્ડ" સરોવરમાં આવેલ વેલિંગટન દ્વિપમા આવેલો છે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગ – 15 રાજસ્થાનના રણમાથી પસાર થાય છે.

📖 રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર – 8 ને ગુજરાતની "ધોરી નસ" કહેવામાં આવે છે.

- અમદાવાદથી વડોદરા વચ્ચે આવેલ દેશનો સૌપ્રથમ નેશનલ એક્સપ્રેસ હાઈવે "મહાત્માગાંધી દ્રુતગતિ માર્ગ નંબર – 1" તરીકે ઓળખાય છે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર – 6 દેશનો બીજા નંબરનો લાંબો ધોરીમાર્ગ છે. જે કોલકત્તા થી ધુલિયા સુધી જાય છે. જેની લંબાઈ 1946 કિમી છે.
- ઐતિહાસિક શેરશાહસુરી માર્ગને રાષ્ટ્રીય ધોરીમાર્ગ -1 કહે છે. જે દિલ્હીને અમૃતસર સાથે જોડે છે.

"સુવર્ણ ચતુર્ભુજ" યોજના

- 24 ઓક્ટોબર, 1998 ના રોજ આનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- દેશની સૌથી મોટી સડક નિર્માણ પરિયોજના છે.
- સૌથી વધારે લંબાઇ ચેન્નાઈ થી કોલકતા વચ્ચે છે. (1684) કિમી.
- સુવર્ણ ચતુર્ભુજ યોજના ભારતના 4 મહાનગરોને જોડે છે. (મુંબઈ, દિલ્હી, કોલકત્તા, ચેન્નાઈ)
- સુવર્ણ ચતુર્ભુજ યોજના ભારતના વડપ્રધાન અટલબિહારી વાજપેયી દ્વારા જાહેર કરવામાં આવી હતી.

- દેશમાં મહારાષ્ટ્ર સૌથી લંબાઈવાળા સડકમાર્ગ ધરાવતુ રાજ્ય છે. જ્યારે સિક્કિમ સૌથી ઓછા સડકમાર્ગો ધરાવતુ રાજ્ય છે.
- વિશ્વનો સૌથી ઊંચો સડકમાર્ગ લેહ માર્ગ જે કારાકોરમ દરમાં છે. જેની ઊંચાઈ 3,450 મીટર છે. 2006 મા જેને રાષ્ટ્રીય રાજમાર્ગ 1D(NH-1D) જાહેર કરવામાં આવ્યો છે.

રેલવે માર્ગ

- ભારતીય રેલવે એશિયાની સૌથી મોટી અને વિશ્વમાં યુએસે, રશિયા, કેનેડા અને ચીન પછી પાંચમાં ક્રમે છે.
- ભારતમાં પ્રથમ રેલવે 16 એપ્રિલ 1853માં મુંબઈ થાણા વચ્ચે શરૂ થઈ હતી. ત્યારે ગવર્નર જનરલ ડેલહાઉસી હતા.
- ભારતીય રેલવે બોર્ડની સ્થાપના 1905માં કરવામાં આવી હતી.
- ભારતનો સૌથી લાંબો રેલમાર્ગ "વિવેક એક્સપ્રેસ" છે. જે દિબ્રુગઢ (આસામ) થી કન્યાકુમારી (તમિલનાડુ) સુધી 4,286 કિમી લંબાઈ ધરાવે છે.
- ભારતની સૌથી ઝડપી રેલવે "દિલ્હી- ભોપાલ શતાબ્દી" એક્સપ્રેસ છે.
- વિજળીથી ચાલવા વાળી પ્રથમ રેલવે "ડેક્કન ક્વિન" છે. જે મુંબઈથી પૂણે વચ્ચે શરૂ થઈ હતી
- ભારતના સિક્કિમ રાજ્યમાં રેલવે લાઈન નથી.
- ભારતીય રેલવે 17 ઝોનમાં વહેંચાયેલી છે.

વિશ્વની સૌપ્રથમ રેલગાડી 1825માં લીવરપૂલથી માન્ચેસ્ટર વચ્ચે શરૂ થઈ હતી

વિશ્વનો સૌથી લાંબો રેલવે માર્ગ "ટ્રાંસ સાઈબિરિયન" છે. જે લેનિનગ્રાડથી બ્લાડીવોસ્ટક સુધી 9,438 કિમી લંબાઈ નો

હવાઈ માર્ગ

- ભારતની પ્રથમ આંતરરાષ્ટ્રીય હવાઈ સેવા 1922માં કરાંચી અને મદ્રાસમી વચ્ચે શરૂ કરવામાં આવી હતી.
- ભારતમાં હવાઈ પરિવહનનુ રાષ્ટ્રીયકરણ 1953માં કરવામાં આવ્યુ હતુ. અને તમામ કંપનીઓને બે નવનિર્મિત નિગમો – ઈન્ડિયન એરલાઈન્સ નિગમ અને એર ઈન્ડિયામાં ફેરવી દેવામાં આવ્યુ.
- એર ઈન્ડિયાનુ મુખ્ય કાર્યાલય દિલ્હીમાં છે અને નિયમિત કાર્યાલય મુંબઈમાં છે.
- 24 ઓગષ્ટ, 2007ના રોજ સાર્વજનિક ક્ષેત્રની વિમાન કંપનીઓ "એર ઈન્ડિયા" અને ભારતીય વિમાન નિગમનુ વિલય થઈ ગયુ. કંપનીનુ બ્રાન્ડ નામ "એર ઈન્ડિયા" છે.

વર્તમાન પ્રવાહો

મહિલા ટી-20 એશિયા કપ – 2018

- 3 જૂન થી 10 જૂન 2018 દરમિયાન મહિલા ટ્વેન્ટી – 20 એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.
  - ટુર્નામેન્ટની ફાઈનલમાં ભારતને 3 વિકેટે પરાજય આપીને બાંગ્લાદેશ વિજેતા બની હતી.
  - બાંગ્લાદેશે પ્રથમ વખત આ ટુર્નામેન્ટ જીતી છે.
  - ટુર્નામેન્ટમાં ભારતીય મહિલા ટીમના કેપ્ટન “હરમનપ્રીત કૌર” ને સૌથી વધુ રન બનાવવા બદલ મેન ઓફ ધ સિરિઝ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
  - ટુર્નામેન્ટનુ આયોજન મલેશિયાના કુઆલા લમ્પુર ખાતે કરવામાં આવ્યુ હતુ.
  - ફાઈનલ મેચ કિનરારા એકેડેમી ઓવલ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી.
  - આ પહેલા છ વખત મહિલા ટી-20 એશિયા કપનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.
  - અને છ વખત ભારતની મહિલા ટીમ જ વિજેતા બની છે.
  - આ પ્રથમ વખત છે જ્યારે ભારતીય ટીમ સિવાય કોઈ બીજી ટીમ વિજેતા બની હોઈ.

શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટ (SCO) - 2018



- 9-10 જૂન , 2018 દરમિયાન ચીનના ક્વિંગડાઓ નામના શહેરમાં શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન ની સમિટનુ આયોજન કરવામાં આવી હતી.
  - SCO ની 18મી સમિટ હતી.
  - આ સમિટમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીનના 'વન બેલ્ટ વન રોડ"(OBOR) પ્રોજેક્ટનો વિરોધ કર્યો હતો.
  - ચીનનો આ પ્રોજેક્ટ પાકિસ્તાનના તાબા હેઠળ POK (પાકિસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર) માથી પસાર થાય છે.
  - આ પ્રદેશ ભારતનો હિસ્સો છે. આથી ભારત સાર્વભૌમત્વ ના મુદ્દે આ પ્રોજેક્ટનો વિરોધ કરી રહ્યુ છે.
  - આ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ "સિક્યોર"(SECURE) નો નવો મંત્ર આપ્યો હતો.
  - તેમણે જણાવ્યુ હતુ, કે, ભારત એવા તમામ પ્રોજેક્ટનુ સ્વાગત કરશે કે જે "સિક્યોર"(SECURE) હોય. અને "સિક્યોર" એટલે.....

S = સિક્યોરિટી ઓફ સિટિઝન્સ
E = ઈકોનોમિ ડેવલોપમેન્ટ
C = કનેક્ટિવિટી ઈન ધ રિજન
U = યુનિટી
R = રિસ્પેક્ટ સોવરિનિટી એન્ડ ઈન્ટેગ્રીટી
E = એનવાયરમેન્ટ પ્રોટેક્શન

SCO

- શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (S C O) અથવા શાંઘાઈ સહયોગ સંગઠન તરીકે ઓળખવામાં આવે છે.
  - 26 એપ્રિલ, 1996ના રોજ ચીનના શાંઘાઈ માં થયેલી એક બેઠકમાં ચીન , રશિયા , કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન અને તઝાખાસ્તન એમ કુલ પાંચ દેશોઓ એક બીજાના વંશીય અને ધાર્મિક તનાવોને દુર કરવા માટે એક સંગઠનની રચના કરી હતી.
  - આ સંગઠન "શાંઘાઈ સંગઠન" તરીકે ઓળખાય છે.
  - ત્યારબાદ 15 જુન, 2001 ના રોજ શાંઘાઈ ફાઈવ દેશો ઉપરાંત ઉઝબેકિસ્તાન દ્વારા "શાંઘાઈ કો-ઓપરેશન" ની રચના કરવામાં આવી હતી.
  - આ માટે "શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન ચાર્ટર" પર જુન, 2002માં હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
  - આ ચાર્ટર 19 સપ્ટેમ્બર , 2003થી લાગુ થયુ હતુ.
  - આમ કુલ છ દેશો દ્વારા આ સંગઠનની સ્થાપના કરવામાં આવી હતી. અને ભારત તેનુ "ઓબ્ઝર્વ કન્ટ્રી" હતુ.
  - જો કે ત્યારબાદ 9 જુન, 2017 ના રોજ કઝાકિસ્તાનના અસ્તાના ખાતે મળેલી SCO ની 17મી સમિટમાં ભારત આ સંગઠનના સાતમા અને પાકિસ્તાન આઠમા સભ્ય તરીકે સામેલ થયા હતા.
  - આથી હવે જુન 2018 સુધીમાં SCO મા કુલ 8 સભ્ય દેશો છે.
  - 8 સભ્ય દેશો ઉપરાંત 4 ઓબ્ઝર્વ દેશો, 6 ડાયલોગ પાર્ટનર અને 4 મહેમાન દેશોનો સમાવેશ થાય છે.
  - SCO ના ઓબ્ઝર્વ દેશોમાં અફઘાનિસ્તાન, ઈરાન, બેલારુસ અને મોંગોલિયાનો સમાવેશ થાય છે.
  - વિસ્તાર અને વસતીની દ્રષ્ટીએ આ વિશ્વનુ સૌથી મોટુ સંગઠન છે.
  - જે યુરેશિયન ખંડનો 3/5 હિસ્સો અને વિશ્વની વસતીનો અડધો હિસ્સો ધરાવે છે.
  - SCO નુ વડુમથક ચીનના બેઈજિંગમાં આવેલુ છે.

- આ સમિટમા ભારત અને ચીન વચ્ચે કરાર થયા છે. જે નીચે પ્રમાણે છે.
  - ⇒ ભારતમા બ્રહ્મપુત્રા નદીમાં આવતા પુરના નિયંત્રણ માટે ચીન દ્વારા ભારતને બ્રહ્મપુત્રા નદીના જળપ્રવાહ વિશે માહિતી આપવાના કરાર.

⇒ ચોખાની નિકાસ સરળ બનાવવા માટેના કરાર.

PRL દ્વારા નવા ગ્રહની શોધ

- ISRO ની અમદાવાદ સ્થિત PRL ના વૈજ્ઞાનિકોએ પૃથ્વીથી 600 પ્રકાશવર્ષ દુર આવેલા એક નવા ગ્રહની શોધ કરી છે.
  - આ ગ્રહને હાલ "K2 – 236B" નામ આપવામાં આવ્યુ છે.
  - જે ગ્રહને શોધવામાં અમેરિકી અવકાશ સંસ્થા NASA ને સફળતા મળી ન હતી તે જ ગ્રહની PRL દ્વારા શોધ કરવામાં આવી છે.
  - PRL એ સ્વદેશી બનાવટના "પારસ"(પીઆરએલ એડવાન્સ રેડિયલવેલોસિટી આબુ સ્કાય સર્ચ) નામના ટેલિસ્કોપ દ્વારા આ ગ્રહની શોધ કરવામાં આવી છે.
  - આ ટેલિસ્કોપ માઉન્ટ આબુના ગુરુશિખર પર મુકવામાં આવ્યુ છે.
  - આ ટેલિસ્કોપ "સ્પેક્ટોગ્રાફી" ના સિધ્ધાંત પર કામ કરે છે.

MOTION FACT

- પ્રોફેસર અભિજિત ચક્રવર્તીની આગેવાનીમાં PRL ના સંશોધકોની ટીમે આ નવા ગ્રહની શોધ કરી છે.
- પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડો.વિક્રમ સારાભાઈ દ્વારા 11 નવેમ્બર 1947ના રોજ ગુજરાતના અમદાવાદ ખાતે PRL ની સ્થાપના કરવામાં આવી હતી.

❋ PRL નુ પુરુ નામ –ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી છે.

“ધનુષ” નુ સફળ પરિક્ષણ

- ભારતમા નિર્મિત લાંબા અંતરની પ્રથમ તોપ “ધનુષ” નુ સફળ પરિક્ષણ કરવામાં આવ્યુ.
  - રાજસ્થાનના પોખરણ ખાતે આ પરિક્ષણ કરવામાં આવ્યુ હતુ.
- **પોખરણ :- ભારતનુ પ્રથમ પરમાણુ પરિક્ષણ અહિયા કરવામાં આવ્યુ હતુ.**
  - આ પરિક્ષણ બાદ “ધનુષ” ને હવે ભારતીય સેનામાં સામેલ કરવામાં આવશે.
  - “બોફોર્સ તોપ” ના આધારે તૈયાર થયેલી “ધનુષ તોપ” ની પ્રહાર ક્ષમતા ૩૪ કિમી સુધીની છે.
  - આ તોપની ડિઝાઈન અને મેન્યુફેક્ચરિંગ OFB (ઓર્ડેનન્સ ફેક્ટરિઝ બોર્ડ) દ્વારા કરવામાં આવી રહ્યુ છે.

ગુજરાત સરકારની 9મી ચિંતન શિબિર

- ગુજરાત પ્રશાસનિક કાર્ય સંસ્કૃતિને નવતર મોડ આપવા ગુજરાતમાં “વડોદરા” ખાતે GSFC પરિસરમાં 7 થી 9 જુન દરમિયાન ગુજરાત સરકારને 9મી ચિંતન શિબિર નુ આયોજન કરવામાં આવ્યુ હતુ.
  - આ શિબિરનુ ઉદઘાટન તેમજ સમાપન ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હાથે કરવામાં આવ્યુ હતુ.

- GSFC નુ પુરૂ નામ – "ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ"
- GSFC ની સ્થાપના 1962માં કરવામાં આવી હતી.
- ભારત સરકારની આ કંપની દ્વારા ખાતર અને ઔદ્યોગિક કેમિકલ્સ નુ ઉત્પાદન કરવામાં આવે છે.

12 જુન :- વિશ્વ બાળ મજુરી વિરોધ દિન

WORLD DAY AGAINST CHILD LABOUR

- સમગ્ર વિશ્વમાં બાળમજુરીના વિરોધમાં જાગૃતિ લાવા દર વર્ષે 12 જૂનના રોજ "વિશ્વ બાળ મજુરી દિવસ વિરોધી દિન" ની ઉજવણી કરવામાં આવે છે.
  - આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠન (INTERNATIONAL LABOUR ORGANIZATION) દ્વારા 12 જુનને "વિશ્વ બાળ મજુરી વિરોધી દિન" તરીકે ઉજવવાની મંજુરી આપવામાં આવી હતી.
  - આ અંતર્ગત સૌપ્રથમ 12 જુન , 2002 થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામા આવ્યો હતો.
  - વર્ષ 2018 ની "વિશ્વ બાળ મજુરી વિરોધ દિન" ની થીમ 'GENERATION SAFE & HEALTHY" છે.

REMINDER BY MOTION MAGIC

- ભારતીય બંધારણના અનુચ્છેદ 24 અંતર્ગત બાળમજુરી પર પ્રતિબંધ ની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં 14 વર્ષથી નીચેના બાળકોને કોઈપણ પ્રકારના કામે રાખવા પર અને 14 વર્ષથી મોટા અને 18 વર્ષથી નાના તરૂણોને જોખમી વ્યવસાય કે પ્રક્રિયામાં કામે રાખવા પર પ્રતિબંધ છે.
- જેમા કામે રાખનાર માલિકની ધરપકડ કરી ગુન્હા બદલ રૂ. 20,000 થી રૂ. 50,000 સુધીનો દંડ અથવા 6 માસથી 2 વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે.

ફ્રેન્ચ ઓપન – 2018

- 27 મે થી 10 જુન સુધી "ફ્રાન્સના પેરિસના સ્ટેડ રોલાન્ડ ગેરોસ" ખાતે ફ્રેન્ચ ઓપન – 2018નુ આયોજન કરવામાં આવ્યુ હતુ.
  - આ ટુર્નામેન્ટનુ 122મુ આયોજન હતુ.
  - આ ટુર્નામેન્ટમાં સ્પેનના ટેનિસ ખેલાડી "રફેલ નડાલ" એ ઓસ્ટ્રિયાના "ડોમિનિક થિએમ" ને હરાવીને ફ્રેન્ચ ઓપન મેન્સ સિંગલ્સ નુ ટાઈટલ પોતાના નામે કર્યું હતુ.
  - રફેલ નડાલનુ આ 11 મુ ટાઈટલ છે.
  - જ્યારે રોમેનિયાના મહિલા ખેલાડી "સિમોના હાલેપ" એ અમેરિકાની સ્લોઅન સ્ટીફન ને પરાજય આપીને ફ્રેન્ચ ઓપનનુ મહિલા સિંગલ્સનુ ટાઈટલ પોતાના નામે કર્યું.
  - સિમોના હાલેપનુ આ પ્રથમ ટાઈટલ છે.
  - મેન્સ ડબલ્સમા પિયર હ્યુગ્યુસ હર્બટ (ફ્રાન્સ) અને નિકોલસ માહર્ટ(ફ્રાન્સ) ની જોડી વિજેતા બની.
  - વિમેન્સ ડબલ્સમાં બાર્બરા ક્રિજકીકોવા(ચેક રિપબ્લિક) અને કેટરિના સિનિકોવા(ચેક રિપબ્લિક) ની જોડી વિજેતા બની.
  - મિક્સ ડબલ્સમાં લતિશા ચાન(ચીન તાઈપેઈ) અને ઈવાન ડોડીગ(ક્રોએશિયા) ની જોડી વિજેતા બની હતી.

MOTION FACT

GRAND SLAM

- ટેનિસની રમતમાં ચાર સૌથી મોટી ટુર્નામેન્ટ રમવામાં આવે છે.
  1. ઓસ્ટ્રેલિયન ઓપન
  2. ફ્રેન્ચ ઓપન
  3. વિમ્બલ્ડન
  4. યુએસ ઓપન
- ટેનિસની રમતમાં આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ "ગ્રાન્ડ સ્લેમ" તરીકે ઓળખાય છે.

ટેનિસ ગ્રાન્ડ સ્લેમ

ટુર્નામેન્ટ	પ્રારંભ	ક્યારે યોજાય છે	ક્યાં યોજાય છે	કઈ કોર્ટ પર રમાઈ છે
ઓસ્ટ્રેલિયન ઓપન	1905	જાન્યુઆરી	મેલબોર્ન	હાર્ડ કોર્ટ
ફ્રેન્ચ ઓપન	1891	મે/જુન	પેરિસ	ક્લે કોર્ટ
વિમ્બલ્ડન	1877	જુન/જુલાઈ	લંડન	ગ્રાસ કોર્ટ
યુએસ ઓપન	1881	ઓગષ્ટ/સપ્ટેમ્બર	ન્યુયોર્ક	હાર્ડ કોર્ટ

- 📖 ઓસ્ટ્રેલિયન ઓપન દર વર્ષે વર્ષના પ્રારંભમા યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- 📖 યુએસ ઓપન દર વર્ષે વર્ષના અંતમા રમાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- 📖 વિમ્બલ્ડન એ સૌથી જુની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- 📖 ટેનિસ નુ મેદાન "કોર્ટ" તરીકે ઓળખાય છે.

અર્બન WI-FI પ્રોજેક્ટ

- ભારત સરકારની ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે સરકાર દ્વારા ગુજરાતના શહેરોમાં નિ:શુલ્ક વાઈ ફાઈ સેવા માટે "અર્બન wi fi પ્રોજેક્ટ" ની શરૂઆત કરવામાં આવી છે.

- આ પ્રોજેક્ટ અંતર્ગત તાજેતરમાં ગુજરાતની 55 નગરપાલિકાઓમાં નિ:શુલ્ક wifi સેવાની શરૂઆત કરવામાં આવી હતી.
- આ 55 શહેરોમાં બસ સ્ટોપ , સિવિલ હોસ્પિટલ , જિલ્લા તથા તાલુકા કોર્ટ , જિલ્લા તથા તાલુકા લાઈબ્રેરી , મામલતદાર કચેરી, તાલુકા પંચાયત અને નગરપાલિકા જેવા જાહેર સ્થળો સહિત કુલ 253 જેટલા wifi hotspot પરથી આ નિ:શુલ્ક wifi સેવા ઉપલબ્ધ થશે.

BCCI એવોર્ડ 2016-17, 2017-18

- 12 જુન, 2018ના રોજ બેંગાલુરુ ખાતે BCCI નો એવોર્ડ સમારોહ યોજાયો હતો. જેમાં વર્ષ 2016-17 તથા 2017-18 ની સીઝનનો BCCI એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો

- આ અંતર્ગત ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન "વિરાટ કોહલી" ને વર્ષ 2016-18 અને 2017-18 એમ બને વર્ષનો શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરને અપાતો "પોલી ઉમરીગર એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો હતો.
- જ્યારે વર્ષ 2016-17 ની સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટરનો એવોર્ડ "હરમનપ્રીત કૌર" ને અને વર્ષ 2017-18 ની સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય

મહિલા ક્રિકેટરનો એવોર્ડ "સ્મૃતિ માંધાના" ને એનાયત કરવામાં આવ્યો હતો.

- જ્યારે ગુજરાતના "કૃણાલ પંડ્યા" ને વર્ષ 2016-17 નો ડોમેસ્ટિક ક્રિકેટમાં લિમિટેડ ઓવરની કોમ્પિટિશનમાં સર્વશ્રેષ્ઠ ઓલ રાઉન્ડર ને અપાતો "લાલા અમરનાથ" એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત ગુજરાતના જ "પ્રિયાંક પંચાલ"ને વર્ષ 2016-17 નો રણજી ટ્રોફીમાં સૌથી વધુ રન કરનાર ક્રિકેટરના અપાતો "માધવરાય સિંધિયા એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો હતો.

- BCCI નો લાઈફ ટાઈમ એચિવમેન્ટ તરીકે ઓળખાતો "કર્નલ સી.કે.નાયડુ લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ 2016-17" "સ્વ.પંકજ રોય" ને જ્યારે 2017-18 નો એવોર્ડ "અંશુમન ગાયકવાડ" ને એનાયત કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત વર્ષ 2016-17 ના મહિલાઓ માટેના BCCI લાઈફ ટાઈમ એચિવમેન્ટ પુરસ્કાર માટે "ડાયના એડલજી" ની પસંદગી કરવામાં આવી હતી. (જો કે તેમણે આ એવોર્ડ સ્વીકાર કરવાનો ઈનકાર કર્યો હતો).
- વર્ષ 2017-18 નો મહિલાઓ માટેનો BCCI લાઈફ ટાઈમ એચિવમેન્ટ પુરસ્કાર "સુધા શાહ" ને એનાયત થયો હતો.

MOTION FACT

- વર્ષના શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ક્રિકેટરને અપાતો BCCI નો પોલી ઉમરીગર એવોર્ડ સૌથી વધુ વખત જીતવાનો રેકોર્ડ "વિરાટ કોહલી" ના નામે છે. તેમણે સૌથી વધુ પાંચ વખત આ એવોર્ડ જીત્યો છે. જેમા વિરાટ કોહલીને સતત છેલ્લા ચાર વર્ષથી આ એવોર્ડ એનાયત થયો છે.
- BCCI નુ પુરુ નામ "બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઈન ઈન્ડિયા" છે.

14 જુન :- વિશ્વ રક્તદાન દિવસ

❖ સમગ્ર વિશ્વમાં દર વર્ષે 14 જુનના રોજ "વિશ્વ રક્તદાન દિવસ " અથવા "વિશ્વ સ્વૈચ્છીક રક્તદાન દિવસ" ની ઉજવણી કરવામાં આવે છે.

- તેની ઉજવણીનો પ્રારંભ વર્ષ થી થયો હતો.
- સલામત રક્ત અને રક્ત ઉત્પાદનો અંગે જાગૃત લાવવા માટે તથા સ્વૈચ્છીક રીતે રક્તદાન કરનાર દાતાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરીને તેમને આ કાર્ય માટે પ્રોત્સાહન આપવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- "વિશ્વ રક્તદાન દિવસ" વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન(WHO) દ્વારા ચલાવવામાં આવતા આઠ સત્તાવાર વૈશ્વિક આરોગ્ય અભિયાનોમાનુ એક છે.
- આ આઠ અભિયાનોમાં વિશ્વ રક્તદાન દિવસ ઉપરાંત વિશ્વ તમાકુ વિરોધ દિન , વર્લ્ડ ઈમ્યુનાઈઝેશન વીક, વિશ્વ મલેરિયા દિવસ, વર્લ્ડ હેપેટાઈટિસ દિવસ, વિશ્વ એઈડ્સ ડિવસ, વિશ્વ આરોગ્ય દિવસ, વિશ્વ ક્ષય રોગ દિવસ નો સમાવેશ થાય છે.
- આ વર્ષે વિશ્વ રક્તદાન દિવસની થીમ "BE THERE FOR SOMEONE ELSE, GIVE BLOOD, SHARE LIFE"

MOTION FACT

📖 પ્રસિદ્ધ વૈજ્ઞાનિક "કાર્લ લેન્ડસ્ટેઈનર" ની યાદમાં તેમની જન્મ તારીખ 14 જુન (14 જુન 1868) ના રોજ "વિશ્વ રક્તદાન દિવસ" ની ઉજવણી કરવામાં આવે છે.

📖 તેમણે 1901 માં A, B અને O બ્લડ ગ્રુપની શોધ કરી હતી. અને તેમની આ શોધ માટે તેમને 1930માં નોબલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

WATER MANAGEMENT INDEX - 2018

- **ભારતના નિતિ આયોગ દ્વારા સર્વગ્રાહી water management index – 2018 રજુ કરવામાં આવ્યો છે.**

- આ ઈન્ડેક્ષમાં વિવિધ રાજ્યોને તેના જળ વ્યવસ્થાપનને આધારે ક્રમ આપવામાં આવ્યો છે.
- જેમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે છે.
- જ્યારે મધ્યપ્રદેશ બીજા અને આંધ્રપ્રદેશ ત્રીજા ક્રમે છે.
- આ રિપોર્ટ અનુસાર પૂર્વોત્તર અને હિમાલયન રાજ્યો સિવાયના રાજ્યોમાં ઝારખંડ અંતિમ ક્રમે છે.
- આ રિપોર્ટમાં પૂર્વોત્તર અને હિમાલયન રાજ્યોમાં ત્રિપુરા પ્રથમ ક્રમે અને મેઘાલય તથા ઉત્તરાખંડ અંતિમ ક્રમે છે.
- એ માટે ગ્રાઉન્ડ વોટર , જળ સંગ્રહ , ઈરિગેશન, પીવાના પાણીની સ્થિતિ , જળ-નિતિ વગેરે જેવા 28 મુદ્દાઓને ધ્યાનમાં લેવાયા છે.

MOTION FACT

- 📖 આ ઉપરાંત ગુજરાત 2015-16 માં પણ આ રિપોર્ટમાં પ્રથમ ક્રમાંકે રહ્યુ હતુ.
- 📖 આ રિપોર્ટ અનુસાર .....
  - ☞ ભારત અત્યારે ઈતિહાસની સૌથી ઘાતક જળ કટોકટીનો સામનો કરી રહ્યો છે.
  - ☞ આત્યારે ભારત 60 કરોડ લોકોને પાણીની અછતનો સામનો કરવો પડે છે.
  - ☞ ભારતમાં દર વર્ષે 2 લાખ લોકો શુદ્ધ પાણી ન મળવાને કારણે મૃત્યુ પામે છે.
  - ☞ ભારતમા 2030 સુધીમાં પાણીની ડિમાન્ડ ડબલ થઈ જશે.

વાહ !!! PROUD WOMEN :-

જનરલ મોટર્સના પ્રથમ મહિલા CFO

- અમેરિકાની સૌથી મોટી ઓટો કંપની જનરલ મોટર્સ ના પ્રથમ મહિલા ચીફ ફાઇનાનન્સિઅલ ઓફિસર(CFO) તરીકે ભારતીય મૂળના "શ્રીમતી દિવ્યા સૂર્યદેવરાની" ની નિમણુક કરવામાં આવી છે.

- ચેન્નાઈમાં જન્મેલા શ્રીમતી દિવ્યા સુર્યદેવરાની 1 સપ્ટેમ્બર , 2018 થી જનરલ મોટર્સના વર્તમાન CFO ચક સ્ટીવન્સનુ સ્થાન સંભાળશે.

ભારતનુ પ્રથમ ઈન્ટીગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર

- છતીસગઢના રાયપુરમાં 155 કરોડના ખર્ચે તૈયાર થયેલા ભારતના ભારતના પ્રથમ ઈન્ટીગ્રેટેડ કમાન્ડ અને કન્ટ્રોલ સેન્ટર નુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ.
  - જેનુ ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યુ હતુ.
  - આ દેશનુ પહેલુ એવુ કમાન્ડ સેન્ટર છે કે જ્યાથી આખા શહેરની દેખરેખ રાખી શકાશે.

IMPORTANT QUESTIONS BY MOTION MAGIC

1.	ભારતમા નિર્મિત પ્રથમ લાંબા અંતરની તોપ કઈ ? A. અર્જુન B. મૈત્રી C. બોફોર્સ D. ધનુષ
2.	તાજેતરમા ગુજરાત સરકારની કેટલામી ચિંતન શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ હતુ? A. ચોથી B. પાંચમી C. આઠમી D. નવમી
3.	PRL દ્વારા તાજેતરમાં ક્યો નવો ગ્રહ શોધવામાં આવ્યો છે ? A. K2-238B B. K2-235B C. K2-230B D. K2-236B
4.	તાજેરમાં SCO ની સમિટનુ આયોજન ક્યા સ્થળે કરવામાં આવ્યુ હતુ ? A. ઈઝરાયેલ B. જાપાન C. ભુતાન D. ચીન
5.	SCO સમિટમાં નરેન્દ્ર મોદીએ “વન બેલ્ટ વન રોડ” ના વિરોધમાં ક્યો મંત્ર આપ્યો? A. સક્સેસ B. સેફ્ટી C. સોવરનિટી D. સિક્યોર
6.	ભારત SCOમાં કેટલામુ સભ્ય દેશ બન્યુ ?

	A. દસમુ B. પાંચમુ C. છઠ્ઠ D. સાતમુ
7.	હાલમા SCO મા કુલ કેટલા સભ્ય દેશો છે ? A. દસ B. નવ C. સાત D. આઠ
8.	SCO નુ વડુમથક ક્યા આવેલુ છે ? A. શાંઘાઈ B. કિંગડાઓ C. તાસ્કંદ D. બેઈજિંગ
9.	મહિલા ટી20 એશિયા કપનુ આયોજન ક્યા દેશમાં કરવામાં આવ્યુ હતુ ? A. ઈન્ડોનેશિયા B. બાંગ્લાદેશ C. સિંગાપોર D. મલેશિયા
10.	મહિલા ટી20 એશિયા કપ 2018માં કઈ ટીમ વિજેતા બની ? A. શ્રીલંકા B. પાકિસ્તાન C. ભારત D. બાંગ્લાદેશ
11.	વિશ્વ બાળ મજુરી વિરોધ દિન ક્યારે ઉજવાય છે ? A. 21 જુન B. 12 જુલાઈ C. 21 જુલાઈ D. 12 જુન
12.	ટેનિસ ખેલાડી રફેલ નડાલ ક્યા દેશનો ખેલાડી છે ? A. બ્રાઝિલ B. આર્જેન્ટિના C. અમેરિકા D. સ્પેન
13.	ગુજરાત સરકાર દ્વારા કઈ યોજના અંતર્ગત 55 નગરપાલિકાઓ માં નિઃશુલ્ક વાઈફાઈની શરૂઆત કરવામાં આવી ? A. મુખ્યમંત્રી WI FI પ્રોજેક્ટ B. પ્રધાનમંત્રી WI FI પ્રોજેક્ટ C. નમો WI FI પ્રોજેક્ટ D. અર્બન WI FI પ્રોજેક્ટ
14.	2016-17 અને 2017-18 નો પોલી ઉમરીગર એવોર્ડ ક્યા ખેલાડીને એનાયત કરવામાં આવ્યો ? A. યુવરાજ સિંહ B. રોહિત શર્મા C. એમ.એસ.ધોની D. વિરાટ કોહલી
15.	વર્ષ 2017-18નો શ્રેષ્ઠ મહિલા ક્રિકેટરનો એવોર્ડ કોણે જીત્યો ? A. ઝુલન ગૌસ્વામી B. મિતાલી રાજ C. હરમનપ્રીત કૌર D. સ્મૃતિ માંધાના